# શ્રી માનસ્તંભ સ્તુતિ

(તીર્થંકર ભગવાન નેમિનાથસ્વામી તથા સાધક સંતોની સાધનાથી પાવન થયેલી સૌરાષ્ટ્રની આ ધરા પર વર્તમાન યુગમાં વિ.સં. ૨૦૦૯ (ઈ.સ. ૧૯૫૩)માં પ્રથમવાર સુવર્ણપુરીમધ્યે જિનેન્દ્ર માનસ્તંભની રચના કરી પાવન પ્રતિષ્ઠા કરવામાં આવી. આ જિનેન્દ્ર માનસ્તંભની મહિમા તથા સુવર્ણપુરીના માનસ્તંભની રચનાનું વર્ણન કરતું આ ઉત્તમ કાવ્ય પંડિત શ્રી હિંમતભાઈએ પ્રતિષ્ઠાના પ્રસંગે રચ્યું હતું.)

(કોઈનો લાડકવાયો....)

સ્વર્ણપુરે સ્વાધ્યાય સુમંદિર, જિનગૃહ ગુરુજી લાયા,
સમવસરણ, પ્રવચનમંડપ, જિનધર્મવિભવ લહરાયા;
ધર્મધ્વજ આયા આયા રે,
ભવિક-ઉર હરખ હરખ છાયા.

ઘોર ભવાટવી માર્ગ ભૂલ્યું જગ, સૂઝે ક્યાંય ન આરો;
જિનદરબાર સુમાર્ગ બતાવી, તું જગ-રક્ષણહારો;
—ધર્મધ્વજ તું આધારો રે,
ભવિકનો તું ધ્રુવ તારો રે....સ્વર્ણ૦

પીઠ પ્રથમ શ્રી કુંદ-સીમંધર મિલન મનોહર સોહે,
નેમપ્રભુ, વસુ મંગળ, પાવન, પરમેષ્ઠી મન મોહે;
—દશ્ય શાં મધુમધુરા લાગે,
ઉરે શા ભાવ અહો! જાગે.

પીઠ બીજી ગુરુ કહાન બિરાજે, જ્યોત વિદેહી ભરતમાં,
શ્રુત સોંપે ધરસેન, કુંદમુનિ જ્યોત ભરે ભાજનમાં;
—જ્યોતિધર જય જય હો જગમાં,
અમોને અજવાળો ઉરમાં....સ્વર્ણ૦

પીઠ ત્રીજી ગૌતમ-ધ્વજદર્શન, કેવળ મલ્લિકુંવરને,
દેવ કરે અભિષેક, ઈક્ષુરસદાન ઋષભમુનિવરને;
—ધન્યજિન-ગણધર-મુનિવરને,
મુક્તિપુર-પંથ-પ્રવાસીને.

પીઠત્રયી પર મંદિર મનહર, સ્વસ્તિક મંગળકારી,
ઘંટ-માળ-અભિરામ દંડ પર ઊંચે દેરી અનેરી;
—ધર્મધ્વજ ગગનવિહારી રે,
ભવિક-મન પાવનકારી રે....સ્વર્ણ૦

નીચે ઉપર નાથ ચતુર્દિશ, પદ્માસન અતિ પ્યારા,
પાદ પડે ત્યાં તીરથ ઉત્તમ, દૃષ્ટિ પડ્યે ભવ પારા;
—નાથ મુજ આયા આયા રે,
સુવર્ણે અમૃત ઊભરાયા.

ચેતનબિંબ જિનેશ્વરસ્વામી, ધ્યાનમયી અવિકારા,
દર્પણ સમ ચેતન-પર્યય-ગુણદ્રવ્ય દિખાવનહારા;
—નાથ ચિદ્‌રૂપ દિખાવે રે,
પરમ ધ્રુવ ધ્યેય શિખાવે રે....સ્વર્ણ૦

વિશ્વદિવાકર નાથ સીમંધર, કુંદનયનના તારા,
જગનિરપેક્ષપણે જગજ્ઞાયક, વંદન કોટિ અમારાં;
—તાત! જગતારણહારા રે,
જગત આ તુજથી ઉજિયારા.

હે જિનવર! તુજ ચરણકમળના ભ્રમર શ્રી ક્હાન પ્રભાવે,
જિન પામ્યો, નિજ પામું અહો! મુજ કાજ પૂરાં સૌ થાવે;
—આશ મુજ કરજો રે પૂરી,
ઉભય અણહેતુક-ઉપકારી.....સ્વર્ણ૦